**અમદાવાદ (ગ્રામ્ય)ના મે. બીજા એડી. જયુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,**
**મુ. અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. 5045/2024**
**આંક–**

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરુધ્ધ**

**આરોપી :** સલીમખાન જહરખાન પઠાણ

**ગુનો:–** **ઈ.પી.કો.કલમ:૧૮૮**

**ચુ કા દો**

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ઈ.પી.કો.ક.૧૮૮ ના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. આજ રોજ ના નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલતના આદેશ મુજબ આજ રોજ સ્પે.સીટીંગ રાખેલ છે.

૨. આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો આપતા આરોપીની પ્લી લેતા આરોપીએ ગુનો કબુલ કરેલ છે તેમજ ગુન્હા કબુલાત પુરસીસ અત્રેની કોર્ટમા રજુ કરેલ છે.

૩. આરોપીને ગુન્હાની ગંભીરતા સમજાવવા છતાં ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે આરોપીએ જાણીબુજીને ગુન્હો કરેલ ન હોઈ , સદર ગુનો તેમનો પ્રથમ ગુન્હો છે, ઘરની તમામ જવાબદારી તેમના શીરે છે તેમજ ઘરના કમાવનાર એકમાત્ર વ્યકિત છે તેઓને સુધરવાની તક મળી રહે અને તેમણે કરેલ કૃત્યનો અહેસાસ તેમને થાય તે હેતુથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ: ૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ:૧૮૮ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. **૧૦૦/– (અંકે રુપિયા સો પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન: ૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૯/૦૩/૨૦૨૪
અમદાવાદ(ગ્રામ્ય)

**(એમ.ડી.વીરાણી)**
બીજા એડી.જયુ.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય)
યુ.આઈ.સી.કોડ નં. જીજે૦૧૩૬૨